॥ तस्य वाचकः प्रणवः ॥

પરિવાર પત્રિકા

બહુજન હિતાય·બહુજન સુખાય



'યોગ'ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ'બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

"નિર્ઝર ઝર્યું કો ગૅબથી" પુસ્તિકાને મળેલા

આશિષ અને અભિપ્રાય

(પ્રમુખ સ્વામીજીનો અભિપ્રાય)

તા. ૧૮-૧૨-૮૫
સ્વામિનારાયણનગર,
અમદાવાદ.

પ્રતિ,

પૂજ્ય યોગભિક્ષુજી,

"નિર્ઝર ઝર્યું કો ગૅબથી" આપની આ પુસ્તિકા મળી. આજનો માનવી "દુખે પેટ અને ફૂટે માથું" એવી સ્થિતિમાં છે. શાંતિની શોધમાં તો એ છે જ પરંતુ તેના મૂળમાં ન જતાં આભાસી શાંતિ મેળવવા પ્રયત્નો કરે છે. આ પરિસ્થિતિથી આપનું પુસ્તક સૌને વાકેફ કરે છે અને આભાસી શાંતિમાંથી નિવૃત્તિ અને શાશ્વત શાંતિ તરફ પા પા પગલી માંડવાની પ્રેરણા આપે છે.

જ્યાં સુધી વ્યક્તિ પોતાને સુષ્ઠુતયા ઓળખી શકતી નથી ત્યાં સુધી સમષ્ટિમાં શાંતિ આવવાની જ નથી કારણકે અશાંતિ જન્મે છે માણસના મનમાં. સમષ્ટિમાં જે કાંઈ યુદ્ધો અને ભીષણતા દેખાય છે એ તો માનવીય મનનો પડઘો માત્ર છે. પોતાના દુઃસ્વભાવને પોષવા એ નિર્દોષ પ્રાણીઓની જિજીવિષા ઉપર પ્રહાર કરે છે. મનમાન્યા ભોગ ભોગવવા એક નિર્દોષ જીવને પૃથ્વી પર જ આવવા દેતો નથી. આ બધી વૃત્તિઓમાંથી જો એ છુટકારો મેળવી શકે, મનોગત કામ, સ્વાદ, લોભ વગેરે પ્રકૃતિઓને નાથવાના પાઠ જો વ્યક્તિ શીખે તો એ સાર્વત્રિક શાંતિના પાઠ શીખશે. આપે આ ભાવાર્થને બૌદ્ધિક દલીલો વડે ખૂબ જ સ્પષ્ટપણે આ પુસ્તિકામાં રજૂ કર્યો છે. ભગવાન સ્વામિનારાયણે આ જ સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે.

આપના આ નૂતનતમ અભિગમને જે કોઈ અનુસરશે એ શાંતિના મૂળને પામશે. હકીકતે આપે પુસ્તિકા દ્વારા વિશ્વઅશાંતિનાં અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત કરી છે.

સ્વામી નારાયણસ્વરૂપદાસના
જય સ્વામિનારાયણ

પરિવાર પત્રિકા

બહુજન હિતાય – બહુજન સુખાય

તંત્રીસ્થાનેથી

શાંતિ-વર્ષની પૂર્વ સંધ્યાએ "પરિવાર પત્રિકા"ના પ્રકાશક ઓ. પ્રે. પ. ટ્રસ્ટ દ્વારા એક પુસ્તિકા પ્રકાશિત થઈ છે જેનું નામ છે "નિર્ઝર ઝર્યું કો ગૅબ્રથી". પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી દ્વારા આલેખાયેલ આ પુસ્તિકામાં વિશ્વઅશાંતિનાં અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત કરવામાં આવી છે. વિશ્વની તમામ રાજકીય, સામાજિક, ધાર્મિક તથા આધ્યાત્મિક સંસ્થાઓને આ પુસ્તિકા ભેટ તરીકે આપવા પ્રકાશન સમિતિ આતુર છે, અને આ રીતે બહુજનસમાજ સુધી આ પુસ્તિકામાં રજૂ થયેલો વિશ્વશાંતિનો અતિ ગુપ્ત સંદેશ પહોંચાડવા ખૂબ ઉત્સાહી અને આશાવાદી છે.

આમ તો લઘુસત્તાઓથી માંડી મહાસત્તાઓ સુધીનાં તમામ પરિબળો શાંતિ સ્થાપવાના, યુદ્ધ નિવારવાના પ્રયત્નો કરી જ રહ્યાં છે. તો, તેઓ આ પુસ્તિકામાં રજૂ થયેલા નવીનતમ વિચારોને લક્ષમાં રાખી, તેના પર ચિંતન, મનન, નિદિધ્યાસન કરી, વિશ્વ સમક્ષ શાંતિપ્રાપ્તિનું એક નવીન દ્વાર ખોલી શકશે એવી અમને આશા છે.

અણુ-પરમાણુ-રાસાયણિક શસ્ત્રોથી જ્યારે વિશ્વના તમામ દેશો સજ્જ થઈ ગયા છે અને મહાવિનાશક એવાં આ શસ્ત્રો બનાવવાની દોટ હજી પણ ચાલુ જ છે, પલભરમાં સારાયે વિશ્વનો સંહાર કરી શકનાર શસ્ત્રોની શોધ થઈ ચૂકી, ઠેઠ ત્યારે યુદ્ધ નિવારવાના પ્રયત્નો કેવા હાસ્યાસ્પદ લાગે? ખરેખર તો આવાં ભયાનક શસ્ત્રો બનાવવાનો વિચાર જે ક્ષણે મનુષ્યના મગજમાં સ્ફુર્યો તે જ સમયે તેને દાબી દેવાનો પ્રયત્ન કરવાની તાતી જરૂર હતી. પરંતુ જ્યારે મગજ વેર, ઈર્ષા, દ્વેષ અને બદલાની ભાવનાથી પરિપાક આપવા માટે પૂરેપૂરું તૈયાર હોય ત્યારે કેટલાનો પ્રયત્ન સફળ થાય? અને આમ વિનાશક શસ્ત્રો શોધાઈ ગયાં અને અમુક સ્થળોએ તેનો ઉપયોગ પણ થઈ ચૂક્યો. પરંતુ તેની અસરો જોતાં સૌ ભયભીત થઈ ગયા. અને જ્યાં ભય હોય ત્યાં શાંતિની આશા જ ક્યાંથી રાખી શકાય?!

આ વાત ઉપરથી એટલું તો સમજાય છે કે અશાંતિનાં મૂળ એવી વેર, ઈર્ષા, દ્વેષ, બદલાની ભાવના વગેરેને જો ઊગતી જ દાબી શકાય તો જ શાંતિપ્રાપ્તિની નજીક પહોંચી શકાય,

પાતંજલ યોગદર્શનમાં એક સૂત્ર છે: "અહિંસા પ્રતિષ્ઠાયાં તત્ સન્નિધૌ વૈરત્યાગઃ" અર્થાત્ જે મનુષ્યમાં અહિંસાની પ્રતિષ્ઠા થાય છે તે મનુષ્યના સાન્નિધ્યમાં આવનાર જીવમાત્રના વેરનો ત્યાગ થઈ જાય છે. અહિંસાના પાલનથી આવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે! જો કે આપણે અહિંસાની સ્થૂળ વ્યાખ્યાને જ સમજીએ છીએ અને તેથી કદાચ વિચારીએ પણ ખરા કે અહિંસાનું પાલન તો કરીએ છીએ. પરંતુ આ સિદ્ધિથી વિમુખ કેમ છીએ! પરંતુ આપણી અણસમજના કારણે અજાણપણે કયા કયા પ્રકારે હિંસા કરીએ છીએ તેનો આપણને ખ્યાલ નથી.

"નિર્ઝર ઝર્યું..." પુસ્તિકામાં પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ જીવમાત્ર દ્વારા અજાણતામાં જ કેવી સૂક્ષ્માતિસૂક્ષ્મ હિંસા આચરાઈ રહી છે તેનો સચોટ ખ્યાલ આપ્યો છે. પુસ્તક વાંચ્યા બાદ સમજાય છે કે હિંસા જ અશાંતિનું મૂળ છે અને સાચા અર્થમાં કરાયેલ અહિંસાનું પાલન જ શાંતિપ્રાપ્તિ માટેનો અમોઘ ઉપાય છે.

આ પુસ્તિકાને વાંચી, તેમાં રજૂ થયેલા વિચારોને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીશું; જેમ જેમ અહિંસાની પ્રતિષ્ઠા થતી જશે તેમ તેમ શાંતિની વધુ ને વધુ નજીક જતા જઈશું તેવી અમને શ્રદ્ધા છે. શાંતિ પ્રાપ્ત કરવા માટેના ઘણા ઉપાયોમાંનો આ પણ એક અમોઘ ઉપાય છે; તો આ વિષય પર પણ મહાનુભાવો દ્વારા વિચાર થવો ઘટે.

ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ

(૧) પરિવાર પત્રિકાનું ત્રીજું વર્ષ જૂન-૧૯૮૬ થી શરૂ થાય છે જેના લવાજમના દર નીચે પ્રમાણે છે.

વાર્ષિક	(ભારતમાં) :	રૂ. ૭-૦૦
આજીવન સભ્ય	(ભારતમાં) :	રૂ. ૨૦૦-૦૦
વાર્ષિક	(પરદેશમાં) :	૭ ડૉલર
આજીવન સભ્ય	(પરદેશમાં) :	૨૦૦ ડૉલર

લવાજમ મોકલવાનું સ્થળ :

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ
૧/અ, પલીયડનગર સોસાયટી, નારણપુરા, **અમદાવાદ-૩૮૦ ૦૧૩.**

(૨) **શ્રી નૈષધભાઈ વ્યાસ**
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર, **અમદાવાદ-૩૮૦ ૦૦૮.**

* જુન-૮૬ સુધીમાં આજીવન સભ્યો ઓછામાં ઓછા ૧૦૦ બનાવનારને ટ્રસ્ટ તરફથી પ. પૂ. ગુરુદેવશ્રીના હસ્તે પ્રોત્સાહન ભેટ પ્રસાદી અપાશે.

* આજીવન સભ્ય થનારને રૂ. ૨૦ ની કિંમતના ટ્રસ્ટ દ્વારા પ્રકાશીત પુસ્તક (ગુરુમહિમા, ઈશ્વરદર્શન અને ઓમ પરિવાર) ભેટ પ્રસાદી અપાશે.

(૨) મેડીકલ-એન્જીનીયરીંગ અથવા ટેકનીકલ લાઈનમાં અભ્યાસ કરતા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને આર્થિક સહાય ૧૯૮૬-૮૭ના વર્ષ માટે આપવાનું વિચારેલ છે, તો આવી મદદ મેળવવા ઈચ્છનાર વિદ્યાર્થીઓને નીચેના સરનામે સંપર્ક સાધવો.

ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રન્નાપાર્ક પાસે, ઘાટલોડિયા રોડ, **અમદાવાદ-૬૧.**
સમય : દર રવિવારે સવારે ૮-૩૦ થી ૯-૩૦ સુધીમાં.

(૩) ઓ. પ્રે. પ. ટ્રસ્ટે પરિવારના ઘોડાસર થયેલ **ભિક્ષુબોધોત્સવ** તથા ધ્વજારોહણ કાર્યક્રમનું ચલચિત્ર (વિડીયો કેસેટ) ઉતારેલ છે તેનું એક દિવસનું ભાડુ રૂ. ૫૦ (રૂપિયા પચાસ) નક્કી કરેલ છે. આ માટે ટ્રસ્ટની ઓફીસનો સંપર્ક સાધવો.

(૪) દર વર્ષની જેમ આ વર્ષે પણ લીટીવાળી નોટબુકો છાપવાનું નિર્ણયેલ છે. જૂન માસમાં નીચેના કેન્દ્રોમાંથી ઉપલબ્ધ થશે.

(૧) 'ધર્મમેઘ', ૩૮, ચંદ્રનગર કોલોની, સરદાર પટેલ હાઈસ્કુલ પાસે, રામબાગ પાછળ, ભૈરવનાથ રોડ, મણીનગર. અમદાવાદ-૩૮૦ ૦૦૮.

(૨) ડૉ. સોમાભાઈ એ. પટેલ
૧/અ, પલિયડનગર, સેંટ્રેલિયર્સ સ્કુલ રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩.

(૩) ઓ. પ્રે. પ. ટ્રસ્ટ
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રન્નાપાર્ક પાસે, ઘાટલોડિયા રોડ, અમદાવાદ-૬૧.

(૪) **શ્રી પંકજભાઈ શાહ**
૨/એ, અશોક એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ બેંકની સામે, આર. નાનાલાલનો ખાંચો, આંબાવાડી, અમદાવાદ.

સેક્રેટરી
ઓ. પ્રે. પ. ટ્રસ્ટ

"મુક્તા"

(પાતંજલ યોગદર્શન-સમાધિપાદ)

– યોગભિક્ષુ

પાતંજલ યોગદર્શનમાં પતંજલિ મુનિએ ચિત્ત-વૃત્તિના નિરોધને યોગ કહ્યો છે. ચિત્ત, પાંચ પ્રકારની ક્લિષ્ટ-અક્લિષ્ટ વૃત્તિઓથી ઘેરાયેલું છે : પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ. ગયા અંકમાં આ પાંચ પ્રકારની ચિત્તવૃત્તિઓની વિસ્તૃત સમજ આપી.

જે પાંચ વૃત્તિઓને વિસ્તારપૂર્વક કહેવામાં આવી, એ વૃત્તિઓનો નિરોધ કઈ રીતે થઈ શકે છે ? તેના માટે બારમું સૂત્ર શું કહી રહ્યું છે ?

अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ॥१२॥

ભાવાર્થ : અભ્યાસ અને વૈરાગ્યથી તે (વૃત્તિઓ)નો નિરોધ થઈ શકે છે.

વિસ્તાર : તન્નિરોધઃ એટલે કે તેનો નિરોધ થઈ શકે છે. શેના દ્વારા ? અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા. અભ્યાસ અને વૈરાગ્યથી તે પાંચેય વૃત્તિઓનો નિરોધ થઈ શકે છે; તો હવે અભ્યાસ અને વૈરાગ્ય શેને કહેવામાં આવે છે તે સમજવું જોઈએ. કોઈપણ વસ્તુની પ્રાપ્તિ માટે, કોઈપણ વિષયની સિદ્ધિ માટે આ બે અમોઘ સાધન છે, નિષ્ફળ ન જાય એવાં હથિયારો છે. આધ્યાત્મિક, આધિભૌતિક કે આધિદૈવિક, કોઈપણ પ્રકારની સિદ્ધિ માટે આ બંને સાધનો અતિ ઉપયોગી છે, નિષ્ફળ ન જાય એવાં છે.

અભ્યાસ કોને કહેવો અને વૈરાગ્ય કોને કહેવો એ વાત આગળ આવી રહી છે. આ સૂત્ર શું કહી રહ્યું છે ? તન્નિરોધઃ = તેનો, એટલે કે આગળ જે પાંચ વૃત્તિઓ કહેવામાં આવી એ પાંચેય વૃત્તિઓનો નિરોધ અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા થઈ શકતો હોય તો એ અભ્યાસ અને વૈરાગ્યને સારી રીતે સમજવા જોઈએ કારણકે આ રીતે વૃત્તિઓનો નિરોધ કરીને "तदा द्रष्टुः स्वरूपे अवस्थानम्"ની સ્થિતિને અનુભવી શકાય છે. તેથી અભ્યાસ અને વૈરાગ્યને આપણે જાણવા જોઈએ. કારણ કે આપણે પણ વૃત્તિઓનો નિરોધ કરવા માટે અભ્યાસ કરવો પડશે, વૈરાગ્ય લાવવો પડશે. અભ્યાસ માટે તેરમું સૂત્ર છે :

तत्र स्थितौ यत्नोऽभ्यासः ॥१३॥

ભાવાર્થ : તેની સ્થિરતા માટે યત્ન કરવો, તેને અભ્યાસ કહેવામાં આવે છે.

વિસ્તાર : તેની સ્થિરતા માટે યત્ન કરવો, પ્રયત્ન કરવો, કોશિષ કરવી, તેનું નામ અભ્યાસ. આપણે જે કાંઈ પ્રાપ્ત કરવું છે તે જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ફરીફરીને, પુનઃપુનઃ પ્રયત્ન કરવો, યત્ન કરવો, કોશિષ કરવી, પુરુષાર્થ કરવો તેનું નામ અભ્યાસ છે. ચાહે એક દિવસ સુધી પ્રયત્ન કરવો પડે કે ચાહે આખો મહિનો પ્રયત્ન કરવો પડે; ચાહે આખું વર્ષ પ્રયત્ન કરવો પડે કે ચાહે આખો જન્મ કોશિષ કરતા રહીએ કે ચાહે અનેક જન્મો સુધી પ્રયત્ન કરતા રહેવું પડે, પરંતુ જ્યાં સુધી આપણે જે મેળવવું છે તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી યત્ન ચાલુ રાખવો અને કંટાળવું નહીં તેનું નામ 'અભ્યાસ' છે. અભ્યાસની આટલી મોટી જબરજસ્ત વ્યાખ્યા છે કે જ્યાં સુધી પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પુનઃપુનઃ, ફરીફરીને પ્રયત્ન કરતા રહેવું. તેની મુદત કાંઈ બાંધેલી નથી. જ્યાં સુધી વૃત્તિઓના નિરોધમાં સિદ્ધિ પ્રાપ્ત ન થાય, જ્યાં સુધી આપણે ધારેલું છે તે પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી પ્રમાદરહિત થઈને, કંટાળ્યા સિવાય યત્ન-પ્રયત્ન, પુરુષાર્થ વગેરે કરવા. આનું નામ અભ્યાસ છે. ચૌદમું સૂત્ર શું કહી રહ્યું છે ?

स तु दीर्घकालनैरन्तर्य सत्कारासेवितो दृढभूमिः ॥१४॥

ભાવાર્થ : લાંબા સમય સુધી, અખંડપણે અને આદર સાથે આચરણ કરવાથી તે સ્થિર થાય છે.

વિસ્તાર : અભ્યાસને દૃઢ કરવા માટે, દૃઢભૂમિ કરવા માટે, તેનું ફરીને વિસ્મરણ ન થાય એટલા માટે, એને પરિપક્વ કરવા માટે શું કરવું ? દીર્ઘકાળ સુધી, અંતર પડયા સિવાય અને સત્કારપૂર્વક તેનું સેવન કરવું. સેવિતો = સેવન કરવું ; એટલે કે તેનું આચરણ કરવું. અભ્યાસને દૃઢભૂમિ કરવા માટે તેને કઈ રીતે સેવવો ? દીર્ઘકાળ સુધી, અંતર પડયા સિવાય અને સત્કારપૂર્વક. આ ત્રણે શરતો મૂકી છે; તેમાં ત્રીજી જે 'સત્કારપૂર્વક'ની છે તે બહુ અગત્યની છે. કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો પડે છે. પરંતુ એ પ્રયત્ન કેવો હોવો જોઈએ ? 'દીર્ઘકાળ' એટલે કે લાંબા સમય સુધીનો. એટલા લાંબા સમય સુધીનો કે જ્યાં સુધી ઈચ્છિત ફળની પ્રાપ્તિ ન થાય. અને 'નૈરન્તર્ય' અભ્યાસ કરવો એટલે કે વચ્ચે વચ્ચે અંતર ન પડવું જોઈએ.

ચાર દિવસ અભ્યાસ કરીએ અને બે દિવસ ન કરીએ, બે મહિના અભ્યાસ કરીએ અને પંદર દિવસ ન કરીએ, પંદર દિવસ અભ્યાસ કરીએ અને બે મહિના સુધી તેને છોડી દઈએ એ અંતર પડયું કહેવાય. એમ વચ્ચે અંતર નહીં પડવા દેવાનું. જો અંતર પડે તો ફળપ્રાપ્તિ ન થાય. કોઈપણ વસ્તુનો પ્રયત્ન કરતા હોઈએ તેને અધવચ્ચે મૂકી દઈએ તો પછી તેને ફરીથી શરૂ કરીએ ત્યારે ઘણું કઠિન પડે છે. જેટલું તૈયાર કરેલું હોય તેને પુનર્જીવિત કરવા માટે ઘણો શ્રમ કરવો પડે છે. જો તેને અધવચ્ચે છોડી દેતા નથી અને અંતર પાડયા વિના ચાલુ જ રાખીએ છીએ તો ઘણી સરળતા થઈ જાય છે. અંતર ન પડવું જોઈએ. 'નૈરન્તર્ય' – અખંડ પ્રવાહ ચાલુ રહેવો જોઈએ. તેથી આ નદીઓનું – જે નદીઓ અખંડપણે વહે છે તેમનું પાણી ગંધાતું નથી, એમાં જીવજંતુ પડી જતાં નથી. અને જે નદી અમુક સમયે જ અખંડ વહે અને પછી વચમાં ખંડ પડી જાય, ટુકડા થઈ જાય, તેનો પ્રવાહ રોકાઈ જાય તો જે ઘડીએ પ્રવાહ રોકાઈ જાય તે ઘડીએ પ્રવાહમાં લીલ બાઝી જાય છે. એમાં જંતુઓ પડી જાય છે. એમાં દુર્ગંધ પેદા થઈ જાય છે.

આમ અભ્યાસને જો આપણે મૂકી દઈએ તો એ અભ્યાસ આપણને મૂકી દે છે. આપણે અભ્યાસને પાંચ દિવસ મૂકી દઈએ તો એ અભ્યાસ આપણને પંદર દિવસ મૂકી દે છે. આપણે નદીના દૃષ્ટાંત દ્વારા એ વાત સમજ્યા. નદીની મહાનતા શામાં છે ? ગંગા, જમના આદિ નદીઓને અતિ પવિત્ર કહેવામાં આવે છે. શા માટે ? તેમાં નિર્મળ, પવિત્ર જળ ભરેલું છે. અને એ નિર્મળ અને પવિત્ર જળનું કારણ શું છે ? તેનું નૈરન્તર્ય પણું એટલે કે અખંડપણું, તે અખંડપણે વહ્યા કરે છે. તેનું વહેણ, તેનું વહન, તે નદીઓનો પ્રવાહ કેવો છે ? સતત કોઈપણ જાતના ભંગાણ વગર અખંડ રીતે વહ્યા કરે છે. ગંગા નદી હિમાલયમાંથી નીકળે છે. હિમાલયમાં અનેક પ્રકારની દિવ્ય ઔષધિઓ ઉત્પન્ન થાય છે. એ બધી ઔષધિઓને સ્પર્શીને એ જળ આગળ વધે છે. તેથી એ બધી દિવ્ય ઔષધિઓનો અર્ક તે જળમાં મળેલો હોય છે. તેની પવિત્રતાનું આ એક કારણ છે, અને બીજું કારણ છે તેનું અખંડપણું.

જે પાણીનો પ્રવાહ અખંડપણે વહે છે, નિરંતર વહે છે તેનું પાણી સ્વચ્છ અને નિર્મળ રહે છે; તેમાં ગંદકી નથી લાગતી, તેમાં જંતુઓ નથી પડતાં અને તેથી એ પાણી પવિત્ર રહે છે. તેની પવિત્રતા એટલે તેની આ નિર્મળતા, તેની આ પરિશુદ્ધતા. અને આ પરિશુદ્ધતા તેના નિરંતર વહનને કારણે છે.

અભ્યાસ કોને કહેવામાં આવે છે ? યત્નને, પુરુષાર્થને, પ્રયાસને. એ પ્રયાસ કેવો હોવો જોઈએ ? અંતર પડયા વિનાનો. એ અભ્યાસ અંતર પડયા વગર થવાથી સફળતા આપનારો થાય. પરંતુ તેમાં જો અંતર પડે તો જે જાતનું ફળ આપણે જોઈતું હોય તે પ્રાપ્ત ન કરી શકીએ. તો આ બે શરતો –

એક તો દીર્ઘકાળ સુધી–એટલે જ્યાં સુધી જેનો અભ્યાસ કરતા હોઈએ તેમાં સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, તેનું નામ દીર્ઘકાળ; અને અંતર પડયા વિના એટલે જ્યાં સુધી સિદ્ધિ પ્રાપ્ત ન થાય

ત્યાં સુધી તેમાં અંતર ન પડવું જોઈએ તેનું નામ નૈરન્તર્ય. ત્રીજી મુખ્ય શરત છે – સત્કારસેવિતો.

તે પ્રયત્નનું સેવન, એટલે કે એ પ્રયત્નનું આચરણ સત્કારપૂર્વક હોવું જોઈએ, પ્રેમપૂર્વકનું હોવું ઘટે. દીર્ઘકાળ અને નૈરન્તર્ય અભ્યાસ તો કરતા હોઈએ, પરંતુ જો વેઠપૂર્વક કરતા હોઈએ તો એમાં સફળતા મળી શકતી નથી. પરંતુ તે વેઠપૂર્વક ન કરતાં અતિ પ્રેમપૂર્વક, અતિ સત્કારપૂર્વક, અતિ સ્નેહપૂર્વક ચાલુ રાખવો જોઈએ. તેનું એક દૃષ્ટાંત લઈએ. આત્મા, પરમાત્મા, આધ્યાત્મિકતા ઈત્યાદિની સમજણ પડે, તેની કિંમત સમજાય પછી આપણે પણ સવારે વહેલા ઊઠીને ધ્યાનમાં બેસીએ, જપ કરીએ, તપ આચરીએ; તેની ઘણી કિંમત સમજાયાથી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવાનો નિશ્ચય કરીએ, રાત્રે સૂતી વખતે ઘડિયાળમાં ચાર વાગ્યાનો એલાર્મ મૂકીએ. સવારમાં સુતા હોઈએ અને એ એલાર્મ ધમકાટ કરતો વાગવા માંડે. આપણે જાગી તો જઈએ પણ ઘણાં વર્ષોની ટેવ હોય એટલે ઊઠવું ન ગમે તેથી એ એલાર્મના બટનને દબાવી દઈએ અને "થોડી વાર રહીને ઊઠું છું, શી ઉતાવળ છે" એમ વિચારીને એ એલાર્મને બંધ કરી દઈએ અને સૂઈ જઈએ.

"હમણા ઊઠું છું ને..." પણ એ બ્રાહ્મમુહૂર્તની નિદર પણ ખૂબ ગાઢ અને મીઠી હોય છે. એમાંથી ઊઠવાની ઈચ્છા જ ન થાય. કોઈ ઉઠાડે કે એલાર્મ વાગે તો એમ થાય કે થોડીક વાર સૂઈ લેવા દે ને. અથવા તો એ વખતે બુદ્ધિ આપણને ઠગે, આપણે આત્મવંચના કરીએ કે હવે ધ્યાનમાં બેસીને શું આનંદ થવાનો હતો? આ ઊંઘમાં જેવો આનંદ પ્રાપ્ત થયો છે એવો તો કંઈ ધ્યાનમાં નથી થવાનો ને? એમ અનેક પ્રકારે પ્રમાદવશ–આળસવશ આપણે સૂઈ રહીએ, ઊઠીએ નહીં અને પછી જ્યારે ઘરનાં બીજા કોઈ રોજના સમયે ઉઠાડે, આપણી નોકરીનો સમય થયો હોય ત્યારે ઉઠાડે, ત્યારે ઓચિંતા જાગી જઈએ અને બેબાકળા થઈને ઘડિયાળમાં જોઈએ તો ચારને બદલે સીધા આઠ વાગી ગયા હોય!

"અરે!" પછી તો પૂર્ણ અભૂત થઈ જઈએ. ગુરુજનો પાસેથી, સંતજનો પાસેથી સાંભળી હતી તે બધી વાતો આપણને પછી યાદ આવે. ધ્યાનની ને યોગની કેટલી બધી મહત્તા છે, તેની કિંમત, તેનું મૂલ્ય આપણને યાદ આવે. ત્યારે એમ થાય કે અરે, મારે ધ્યાનમાં બેસવું હતું અને એ તો રહી ગયું. પછી તો નોકરીનો સમય થઈ ગયો હોય એટલે જલદી જલદી મોઢું ધોયું ન ધોયું, દાતણ કર્યું ન કર્યું, બે ઘોટા પાણી માથે ઢોળી નાહ્યા અને ચા–નાસ્તો પતાવી ઓફિસ ભેગા થઈ જઈએ; એમ વિચારતાં વિચારતાં કે કાલે તો જરૂર વહેલું ઊઠવું છે. વળી બીજે દિવસે પણ એનો એ જ ક્રમ ચાલે, કારણ કે તેમાં પ્રેમ નથી.

ધ્યાન કરવાથી અમુક ભૌતિક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે એમ સાંભળ્યું હોય તેથી એ પ્રાપ્ત કરવાની મનમાં લાલચ હોય અને એ લાલચના કારણે એ એલાર્મ મૂકેલો હોય, પ્રેમના કારણે નહીં. એલાર્મ મૂકેલો હોય એટલે એલાર્મ તો વાગે અને તેથી ઊઠવું પડે; એટલે કે વેઠપૂર્વક ઊઠવું પડે. ધ્યાનથી અમુક પ્રાપ્ત થાય છે ને એટલે ઊઠવું પડે છે, ધ્યાનમાં બેસવું પડે છે, ધ્યાનમાં બેઠા વિના છૂટકો નથી અને એવી ઘણી બધી કલ્પનાઓ કરીને આપણે ઊઠીએ તો તે વેઠપૂર્વક થયું કહેવાય. પ્રેમપૂર્વક તો ત્યારે થયું કહેવાય કે રાત્રે સૂતી વખતે જ મનમાં તેને માટે એટલો બધો પ્રેમ હોય, મનમાં એમ થયા કરતું હોય કે કયારે ચાર વાગે, કયારે ઘડિયાળમાં એલાર્મ વાગે, કયારે હું ઊઠીને ધ્યાનમાં બેસી જઉં? દિવસે પણ મનમાં એ જ કલ્પના આવતી હોય કે કયારે બ્રાહ્મ–મુહૂર્તમાં ઊઠું અને ધ્યાનનો અભ્યાસ કરું? બસ, પ્રેમ, પ્રેમ અને પ્રેમ. તેના માટે અતિ સ્નેહ હોય, અતિ સત્કાર હોય.

દીર્ઘકાળ અભ્યાસ કરીએ, અખંડપણે અભ્યાસ કરીએ. પરંતુ જો તે વેઠપૂર્વક કરતા હોઈએ, પ્રેમપૂર્વક કરતા ન હોઈએ તો પણ સિદ્ધિની પ્રાપ્તિ થતી નથી. તો દરેક સિદ્ધિ માટે, દરેક કાર્યમાં સફળતાની પ્રાપ્તિ માટે, અભ્યાસ અને વૈરાગ્યની પરમ આવશ્યકતા છે.

હવે પછી વૈરાગ્ય માટેનું પંદરમું સૂત્ર આવે છે.

વિ+રાગ=વૈરાગ્ય. 'વિ' એટલે વિના અને 'વિ' એટલે વિશેષ. આપણે જે અભ્યાસ કરવો છે તે અભ્યાસમાં વિશેષ રાગ હોવો જોઈએ, એટલે કે પ્રેમ-સત્કાર હોવો જોઈએ. અને તેનો બીજો અર્થ થયો વિના રાગ. રાગ વિનાના થઈ જવું જોઈએ. શેમાં રાગ વિનાના થઈ જવું જોઈએ ? એ અભ્યાસમાં વિઘ્ન કરનારાં જે જે આચરણો હોય તેમાં; એ અભ્યાસમાં અવરોધ ઊભો કરે તેવાં કાર્યો તેમ, ટેવો અને આદતો હોય તે બધામાં વિ-રાગ એટલે કે પ્રેમ વિનાના થઈ જવું જોઈએ. અને જે યત્ન કરવાનો છે તે યત્નમાં, અને તે યત્ન અને પ્રયાસને પુષ્ટિ આપી શકે તેવાં કર્મો અને આચરણોમાં વિ-રાગ એટલે કે વિશેષ રાગવાળા, અધિક પ્રેમવાળા થઈ જવું જોઈએ; તો તે પ્રાપ્ત થઈ શકે. તો તેનાં ઉપયોગી કર્મ અને આચરણો સારી રીતે કરી શકીએ.

જેમકે બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાનમાં બેસવાની વાત કરી. તેમાં ચાર વાગ્યાનું એલાર્મ મૂક્યું છે, એ એલાર્મ વાગ્યું ખરું, પણ આપણે ઊઠી ન શક્યા. તો તેના વિષે આપણે વિચાર કરવો જોઈએ કે આપણે કેમ ઊઠી ન શક્યા ? ચાર વાગ્યાની ઘંટડી તો વાગી છતાંય સૂઈ જ રહ્યા. કેમ સૂઈ રહ્યા ? એ વખતે બહુ મીઠી નિદર કેમ આવતી હતી ? અને આપણી ઊંઘ કેમ પૂરી નહોતી થઈ ? તેનો આપણે વિચાર કરવો જોઈએ. તો વિચાર કરતાં આપણને સમજાય કે હા... મને સિનેમા જોવાની ટેવ છે એટલે મોડે સુધી જાગવું પડ્યું. અથવા તો મોડે સુધી મિત્રોમાં બેસી ટોળટપ્પાં, ગામગપાટા મારવાની આદત છે તેથી સમયસર સૂઈ ન શક્યો. પોતે પોતાની મેળે જ સંશોધન કરવું પડે. વહેલું ઊઠવું છે. પણ કેમ નથી ઉઠાતું ? વહેલા ઊઠી શકવામાં જેટલાં કાર્યો બાધક થતાં હોય, જેટલી ટેવો અને આચરણો વિઘ્નો ઉત્પન્ન કરતાં હોય, એવાં કાર્યોમાં વિ+રાગ એટલે કે રાગ વિનાના-પ્રેમ વિનાના થઈ જવું જોઈએ અને અનુકૂળ અને પુષ્ટિકર્તા સાધનો અને કાર્યોમાં વિ+રાગ એટલે કે વિશેષ રાગવાળા-અધિક પ્રેમવાળા થઈ જવું જોઈએ.

આમ વૈરાગ્યનો અર્થ, વિના રાગ અને વિશેષ રાગ એમ બંને લઈએ તો વિશેષ રાગ શેમાં રાખવાનો છે ? અનુકૂળ ટેવો અને આચરણોમાં. રાગ વિનાના શેમાં થઈ જવાનું છે ? જે પ્રતિકૂળ આદતો અને ટેવો છે તેમાં. પ્રતિકૂળ ટેવોને છોડી દેવી અને અનુકૂળ આચરણોને પકડી લેવાં એ વાત બધી જ જગ્યાએ, કોઈપણ કાર્યની સિદ્ધિમાં લાગી શકે છે. નહીં તો, કોઈ પણ કાર્યની સિદ્ધિ થઈ શકે નહીં. આમ, અભ્યાસ અને વૈરાગ્યની વાત ચાલી રહી છે. તેમાં અભ્યાસને સારી રીતે સમજ્યા. પરંતુ આ પંદરમા સૂત્રમાં વૈરાગ્યને વિષે શું કહ્યું છે ?

પંદરમા સૂત્રમાં રજૂ થયેલ વૈરાગ્ય વિષેની વાતો આવતે અંકે પ્રસ્તુત કરીશું.

(ક્રમશઃ)

* સૂચના *

જે કોઈ સંસ્થા "નિર્ઝર ઝર્યું કો ઝબથી" પુસ્તિકાને ભેટ તરીકે સ્વીકારવા માંગતી હોય તેણે સંસ્થાના લેટરપેડ પર પ્રકાશકના સરનામે પત્રવ્યવહાર કરવો.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના પ્રેરક પ્રસંગો, સંસ્મરણો આવકાર્ય છે.

ધર્મ, ધાર્મિક શૂરવીરો ઉપર ટકેલો છે

('ઓમ-ગુરુદેવ જયંતી'નો અહેવાલ)

- પ્રવક્તા : યોગભિક્ષુ
- સંકલન : શશીકાંત પટેલ

ઓમ્‌પરિવારના ઉપક્રમે તા. ૮-૧૧-૮૫ના રોજ 'ઓમ્-ગુરુદેવ જયંતી'નો કાર્યક્રમ યોજાયો. દર વખતે આ કાર્યક્રમ સવારનો હોય છે. પરંતુ આ વર્ષે આ કાર્યક્રમ સાંજે ઉજવાયો જેથી મોટો મંડપ પણ બાંધવો ન પડે અને આયોજકોને સરળતા રહે. કાર્યક્રમની શરૂઆતમાં પૂજ્યશ્રીએ પ્રાસંગિક પ્રવચન કરતાં કહ્યું :

"આજે આપણે સૌ ઓમ્‌ગુરુદેવ જયંતી ઊજવી રહ્યા છીએ. તમારા સૌના અતિ પ્રેમ અને આગ્રહથી, તન-મન-ધન બધું સમર્પણ કરવાની તમારી તત્પરતાથી આ કાર્યક્રમ ઊજવીએ છીએ. પહેલાં જ્યારે તમારું સૌનું મિલન નહોતું થયું ત્યારે અમે આવી ઉજવણી કરતા ન હતા. પરમાત્માની ઇચ્છા હશે કે આ ઉત્સવ ધામધૂમથી ઉજવાય તેથી અમારી સાથે તમારું મિલન થયું અને વળી તમારામાં આવી ઊલટ છે કે આ ઉત્સવ ધામધૂમથી ઉજવાય જેથી તમે અમારી પાસે આ ઉત્સવની ઉજવણી માટે સંમતિ-અનુમતિ માંગી અને અમે હા કહી કે ઊજવો. તો તે દિવસથી આ કાર્યક્રમ દર વર્ષે ધામધૂમથી ઉજવાય છે. આમેય આ દિવસે અમે રૂમમાં બેસી જપ કરીએ છીએ તો આજના દિવસે સૌ સાથે બેસીને જપ કરીશું.

ગુરુપૂર્ણિમાના ઉત્સવની માફક આ ઉત્સવનું આમંત્રણ પત્રિકા દ્વારા આપતા નથી. આ ઉત્સવ સર્વે ભક્તો સ્વેચ્છાએ પ્રસન્નતાથી ઊજવે છે. તેથી આ ઉત્સવની યાદ તેઓ સર્વે રાખે છે. ગુજરાત સમાચારમાં ઉત્સવની નોંધ ગઈકાલે આવેલી. તેમાં ઓમ્-ગુરુદેવ જયંતીને બદલે ગુરુદેવ જયંતી લખેલું અને સરનામામાં 'સરદાર પટેલ હાઈસ્કૂલ પાસે'ને બદલે 'ધર્મમેધ સ્કૂલ પાસે' એમ લખેલું. તો, ભાવિના ગર્ભની શું ખબર પડે ? ભવિષ્યમાં કદાચ "યોગભિક્ષુ માર્ગ" ઉપર "ધર્મમેધ સ્કૂલ" થવાની પણ હોય તેવી સંભાવના અમને લાગી.

આપણા પરિવારના સૌ પ્રેમીઓ ખૂબ શૂરવીર છે. જીવન જીવવામાં, સેવા કરવામાં, ધાર્મિક કાર્યોમાં તન-મનનો ભોગ આપવામાં ખૂબ જ શૂરવીર છે. જે આવો શૂરવીર નથી તે શું કરી શકે ? કાંઈ જ નહીં.

આજનો કાર્યક્રમ સાંજે ચારથી સાતનો રાખ્યો હતો. પણ અમને અંદરથી જપ-હવન કરવાની પ્રેરણા થઈ તે આજે દિવસે હવન કર્યો. અમારી પૂજાની રૂમમાં, બહારની રૂમમાં અને પાછળની રૂમમાં ; આમ ત્રણેય રૂમમાં ત્રણ ઓટલીઓ બનાવી. ત્રણ બ્રહ્મચારીને બેસાડી પાંચ કલાક હવન કર્યો. હવનમાં જે બ્રહ્મચારીને આહુતિ આપવા બેસાડેલા તેમને જમવાની મનાઈ કરી હતી. રાત્રે જ તેમણે પ્રસાદ લેવાનો. હવનનો કાર્યક્રમ ખૂબ જ સુંદર થયો. હવન પૂરો થયે એક કલાક થયો હશે અને આ આપણો સાંજનો કાર્યક્રમ ચાલુ થયો.

ગઈકાલે રાત્રે એક ખૂબ સુચક બનાવ બન્યો. રાત્રે ગુરુધ્યાનભિક્ષુજી(રોહિતભાઈ) આવ્યા. રાત્રે જ્યાં તે સૂઈ ગયા હતા ત્યાં દીવાલ ઉપર અમારાં બા-બાપુજીનો એક ફોટો લટકાવેલ છે. સવારે મોટાભાઈએ વાત કરી કે રાત્રે બા-બાપુજીનો ફોટો નીચે પડયો. તે ફોટો રોહિતભાઈના કાન પાસે પડયો. તેમને કાંઈ વાગ્યું નહીં, તે બચી ગયા. અમે આ વાત સાંભળીને કહ્યું કે રાત્રે બા-બાપુજી આશીર્વાદ આપવા આવ્યાં. બા-બાપુજીને એમ કે યોગભિક્ષુ તો એમના રૂમમાં બારણું બંધ કરીને સૂતા છે તેથી તેમની પાસે તો જઈ શકાશે નહીં. તો એમના પ્રતિનિધિ શ્રી ગુરુધ્યાનભિક્ષુ અહીં સૂતા છે તેમના કાનમાં આશીર્વાદ કહીએ ; તે યોગભિક્ષુને કહી દેશે."

આટલી વાત કરી સ્વાધ્યાયની શરૂઆત કરતાં પહેલાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ ઓમ્-નારાયણના ફોટાને તથા તેમનાં માતા-પિતાના ફોટાને પુષ્પમાળા પહેરાવી. ત્યારબાદ સ્વાધ્યાયની શરૂઆત

થઈ. હાજર રહેલા સૌ ગુરુપ્રેમીઓએ ભક્તિભાવપૂર્વક સ્વાધ્યાય કર્યો. સ્વાધ્યાય બાદ પૂજ્યશ્રીએ કૃપા-સત્સંગ પ્રવચન કરતાં કહ્યું :

"નારણપુરાથી શ્રી જની આવે છે. લગભગ પંદરથી સત્તર વર્ષ પહેલાં તેઓની અમારી સાથે પ્રથમ મુલાકાત થયેલી. તે સમયે વિરમગામમાં તેઓ એક આધ્યાત્મિક જિજ્ઞાસુ-અનુભવીને મળેલા. તેમને શ્રી જની કહે કે 'સાચા સંતનાં દર્શન કરવાં છે; તે માટે ફાંફાં મારું છું. પણ મળતા નથી. તમે બતાવો.' આ ભાઈ અમારા પ્રેમી તેથી તેમણે શ્રી જનીને કહ્યું કે 'તમે જેવા સંતને મળવાની ઈચ્છા દર્શાવો છો તે અમદાવાદમાં જ છે.' આમ કહીને અમારું સરનામું આપ્યું. આ જનીભાઈ તરત જ અહીં આવ્યા. પણ અમે દુકાને હતા તેથી તેઓ ઘરેથી દુકાને આવ્યા. તેમની સાથે ઘણો સત્સંગ થયો. તેઓ ખૂબ ખુશ થઈ ગયા. એક-બે પુસ્તકની વાતો થઈ; એક પુસ્તક તેમને આપ્યું પણ ખરું. તે સમયે જનીભાઈ મોટા ઉપરી-અધિકારી હતા. તેઓએ મનમાં નક્કી કરી નાખેલું કે નોકરી પૂરી(રિટાયર) થાય એટલે આધ્યા-ત્મિક માર્ગમાં આગળ વધવું છે. મનમાં આ નિર્ણય પાકો કરી લીધેલો. નોકરીમાંથી તે નિવૃત્ત થઈ ઋષિકેશ, ઉત્તરકાશી ગંગોત્રી પહોંચ્યા. દર વર્ષે જાય છે. આ વર્ષે એ ગંગોત્રી જઈને આવ્યા પછી અહીં આવેલા અને આજના આ કાર્યક્રમનું પૂછતા હતા. અમે કહ્યું હજી નક્કી નથી થયું, આગલા દિવસે તપાસ કરજો. પરંતુ તેમને ઓચિંતું લીમડી જવાનું થયું તેથી પરમ દિવસે આવ્યા હતા. ગંગોત્રીથી ગંગાજળ લાવેલા તે શીશીમાં ભરીને આપણા માટે લેતા આવ્યા. વળી ત્યાંથી રેતી અને મોટું ભોજપત્ર લાવેલા તે બધું મને આપ્યું. તેઓ હાથના ખૂબ છૂટા-ઉદાર છે. સાધુસંતો પાછળ વધુ પૈસો વપરાય તેને જ તેઓ સાચો પૈસાનો વ્યય માને છે. વળી બીજા એક ભક્ત પણ ઓમ્-ગુરુદેવ જયંતી તથા ગુરુપૂર્ણિમાના આગલા દિવસે ગુલાબજળ, અત્તરની શીશી વગેરે લાવે છે. તે આજે તમને બધાને જોયા અને થયું કે આજે ગુલાબ-જળ અને ગંગાજળનો લાભ બધાને આપીએ. (વાલુ પ્રવચને ઊભા થઈ પૂજ્યશ્રી હાજર રહેલા સર્વ ભક્તો પર ગુલાબજળ-ગંગાજળનો છંટકાવ કરે છે અને પછી શ્રી જનીભાઈની વાત આગળ ચલાવે છે.)

સાચા જિજ્ઞાસુ કેવા હોય છે? જનીભાઈ સરકારી ખાતામાં મોટા હોદ્દેદાર હોવા છતાં પણ નિવૃત્તિ બાદ આધ્યાત્મિક માર્ગમાં જવું છે એવો પાકો નિર્ણય એમણે કરી લીધેલો. તેઓ કેટલા જિજ્ઞાસુ કહેવાય! નહીં તો, મનુષ્યનો સ્વભાવ કેવો છે? મમતા છૂટે જ નહીં. એકમાંથી બીજામાં, પછી ત્રીજામાં અને ચોથામાં એમ મમતા ચાલુ જ રહે. આવા મનુષ્યો મોહમાં એવા તો લપેટાયેલા હોય છે કે એ એમ જ વિચાર્યા કરે કે આટલું કરી લઉં, આટલા ભોગ ભોગવી લઉં. આ પ્રસંગ માણી લઉં. આમ મોહવશ દુઃખના ચકરાવામાં ભ્રમિત થઈને ભમ્યા કરે છે.

તો, પરમ દિવસે અમારી પાસે આવી શ્રી જનીભાઈ અમને કહે કે, 'બાપુ એક વાત પૂછું?' અમે કહ્યું 'પૂછો.' તેઓ કહે : 'બાપુ, આપને કદી સંન્યાસી થવાનો વિચાર થયેલો કે નહીં?' અમે કહ્યું, 'અમને સંન્યાસી થવાનો વિચાર કદી નહીં આવેલો. પરંતુ ગઈકાલે રાત્રે જ અમે તમને વિચારોમાં સંન્યાસી બનાવ્યા. એનું કારણ એ કે તમે બબ્બે મહિના ગંગોત્રીમાં રહેવા લાગ્યા છો. ત્યાંની તપોભૂમિ અને તમે આવા જિજ્ઞાસુ-પવિત્ર માણસ; તમને જરૂર સંન્યાસી થઈ જવાની ઈચ્છા થશે. અને જો તમારી એવી ઈચ્છા થાય અને તમે તે માટે મારી પાસે સલાહ લેવા આવો તો મારે શું કહેવું તેના વિચાર કરેલા. તમે સંન્યાસી થાવ અને ગંગોત્રીમાં જાવ તો તમારે ત્યાં શું કરવું તેની યોજનાઓ અમે મનમાં ઘડતા હતા.' આ સાંભળી તેઓ ખૂબ જ ખુશ થયા. કહે કે, 'બાપુ! આપણા બંનેના મનમાં એકસરખા જ વિચારો ચાલી રહ્યા છે; મેં આપને આ પ્રશ્ન પૂછવાનો નિર્ણય કર્યો જ હતો.'

(હાલમાં શ્રી જનીભાઈ ગાયત્રી મંત્રના ૨૪ લાખના પુરશ્ચરણના સંકલ્પની પૂર્ણાહુતિ કરવાવીને કરનાલી-નર્મદા-તટે બેસી ગયા છે.)

ગુરુ-સંતો પ્રસિદ્ધિ પામે છે, સાચા શિષ્યો દ્વારા

આઠ-દસ દિવસ પહેલાં એક ભાઈએ અમને વાત કરી કે 'બાપુ, અમુક સંપ્રદાય માટે તો ઘણે બધે ઠેકાણે જગ્યાઓ ખરીદાયેલી-રોકાયેલી છે. કેટલી બધી જગ્યા આશ્રમ-મંદિર વગેરે માટે રાખી લીધી છે!' આ સાંભળી અમે કહ્યું, 'કેમ ન રાખે? એમના દરેકે દરેક પ્રસંગમાં દીક્ષાવિધિનો પ્રસંગ તો હોય જ છે. જે સંપ્રદાયમાં આટઆટલા નવયુવાનો દીક્ષિત થતા હોય, પોતાનું સર્વસ્વ ગુરુદેવના ચરણે મૂકી દેતા હોય, દુનિયાના મોજશોખ છોડી ગુરુદેવના શરણે થઈ જતા હોય, પોતાનાં ઘરબાર માતા-પિતા સર્વેને છોડીને મંદિર કે આશ્રમમાં પહોંચી જતા હોય અને તેને જ સર્વસ્વ માનતા હોય તેવા સંપ્રદાયવાળા બધું જ કરી શકે. તેવા સંપ્રદાયનો ફેલાવો પણ હોય જ; જ્યારે અહીં તો હું ડરતો હોઉં છું કે આપણા ભિક્ષુઓ કે જેમને પ્રેમથી ભિક્ષુ નામ આપ્યું છે તે, પ્રેમથી આપેલું નામ પણ કદાચ પાછું ન આપી દે! આ વાત કરીએ છીએ એટલે જે ભિક્ષુ હાજર છે તે નીચું જુવે અને મનમાં વિચારે કે બાપુ આપણને સંભળાવતા હશે, આપણને ઉદ્દેશીને કહેતા હશે. અને બીજાઓ પણ એમ માને કે આ વાત ભિક્ષુઓને જ કહેવાઈ રહી છે, આપણને નહીં. પણ તેમણે તેમ માનવાની સહેજ પણ જરૂર નથી. તમે તો જાહેર ભિક્ષુઓ છો. પણ આ વાત અમે કરી તેમાં તો ગુપ્ત ભિક્ષુઓનો અર્થાત્ સર્વ જિજ્ઞાસુઓનો પણ સમાવેશ થઈ જાય છે.

તો, 'પગલું ભર્યું' કે પાછું ના હટવું, ના હટવું' એવા ધ્યેયવાળા, પાકા નિશ્ચયવાળા, દૃઢ મનોબળવાળા મરજીવા પ્રાપ્ત થાય તો શું ન કરી શકાય? બધું જ થઈ શકે. **જે જે ગુરુજનોનાં કે સંતજનોનાં નામ જગતમાં ગાજતાં થયાં છે તે તેમના સમર્થ શિષ્યોના કારણે.** ગુરુ-સંતોને તો પોતાનું નામ જગતમાં ગાજે, ફેલાય તેવી સહેજ પણ રુચિ હોતી નથી અને છતાંય તેમ બનતું હોય છે જગતમાં તેમનું નામ ગાજે છે તેનું કારણ છે તેમને મળેલા સમર્થ શિષ્યો, શૂરવીર શિષ્યો, મરજીવા શિષ્યો. આવા શિષ્યો પોતાના ગુરુદેવ માટે પોતાના હાથમાં પોતાનું મસ્તક લઈને ફરે છે. આવા શિષ્યોને, ભક્તોને ધન્યવાદ આપીએ કે તે તો ધન્ય છે જ, પરંતુ અનંત ધન્યવાદ તો છે એમનાં માતા-પિતાને, કુટુંબને. કેમકે આ લોકો તરફથી આવા શૂરવીરોને જે સહકાર અને સમર્થન ન મળે અને તેમના આ વિરલ રાહનો વિરોધ થાય તો દીક્ષિત થયેલ પણ શું કરી શકે? કાંઈ જ નહીં. આવાં કારણોને લીધે કેટલાય દીક્ષિતો પોતાના માર્ગેથી પાછા વળી જાય છે.

સંન્યસ્તધર્મ મહા કઠિન છે

ભાઈ! સફેદ વસ્ત્રમાંથી ભગવાં વસ્ત્ર કરવાં એટલે કે ગૃહસ્થમાંથી સંન્યાસી બનવું તે નાનીસૂની વાત નથી. અમારી સાથે જાનીભાઈ વાત કરતા કરતા અમને પૂછતા હતા કે, બાપુ! આપને કદી સંન્યાસ ધારણ કરવાનો વિચાર થયેલો? અમે તેમને કહ્યું, કદીયે નહીં. અમને ઘણા સમય પહેલાં એક સંત મળેલા તે અમને કહેતા હતા કે યોગભિક્ષુજી, શિખા અને સૂત્રનો ત્યાગ ન કરતા. શિખા અને સૂત્રનો ત્યાગ ન કરતા એટલે? એટલે કે કદીયે સંન્યસ્તની દીક્ષા ન લેતા. તેઓશ્રીએ અમને આવું શા માટે કહ્યું હશે? દીક્ષા લેવી, સાધુ-સંન્યાસી બનવું શું ખોટું છે? સાચો સાધુ-સંન્યાસી તેની ઈકોતેર પેઢીને તારે છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. ત્યારે તે સંતે અમને આવી શિખામણ કેમ આપી હશે? એટલા માટે કે આજના જમાનામાં સંન્યસ્તધર્મનું પાલન કરવું બહુ કઠિન છે. એક વખત દીક્ષા ધારણ કર્યા પછી સંન્યસ્તધર્મનું પાલન બરાબર ન થાય અને પાછું જિંદગી વતીન કરવી પડે, એના કરતાં જે સ્થાનમાં, આશ્રમમાં આપણે છીએ તેમાં જ રહીને જેટલું પરમાર્થનું કાર્ય કરીએ તે શું ખોટું છે! પણ સારું છે. એમના કહેવાની મતલબ હતી કે સાંગોપાંગ સંન્યસ્તધર્મનું પાલન કઠિન છે. મહાશૂરવીર તેમાંથી આવીશુદ્ધ પાર ઊતરે છે. અને તેવા વિરલ મહાપુરુષો કેટલાયને તારે એવા સમર્થ બને છે. આપણે શ્રી શંકરાચાર્ય મહારાજે રચેલો એક શ્લોક બોલીએ છીએ.

ગદાભાસ્ત્રો વી સંન્યાસો, નૈવ કાષાય વાસસા ।
નાદં દેહો આત્મેતિ, નિશ્ચયો ન્યાસ લક્ષણમ્ ॥

શ્રી શંકરાચાર્ય મહારાજે સદાચાર સ્તોત્રમાં કહ્યું છે કે **યોગનો અભ્યાસ કરવો એનું નામ સંન્યાસ છે. ફક્ત ભગવાં વસ્ત્ર ધારણ કરવાથી સંન્યાસી નથી બની શકાતું.** પછી આગળ કહ્યું કે હું દેહ નથી, આત્મા છું તેનો પાકો નિર્ણય થઈ જવો તેનું નામ ત્યાગ છે. આ વાતો જ્ઞાની પુરુષ માટે કરી ? કે જેઓ કલ્યાણમાર્ગમાં જુદું નામ કે ચિહ્ન ધારણ કર્યા વિના આગળ વધવા પ્રયત્ન કરે છે તેમના કાર્યની પુષ્ટિ માટે. આવા વિરલ શૂરવીરને ધન્યવાદ છે, અને અનંત ધન્યવાદ તેમના માતા-પિતાને છે, કુટુંબીજનોને છે કે જેઓ આવા શૂરવીરોને પ્રેરે છે, પ્રોત્સાહન આપે છે. આવા શૂરવીરોમાં ગર્ભસંસ્કારનું બીજ પડેલું જ હોય છે. જો ગર્ભસંસ્કાર ન હોય તો તેને આવી રુચિ જ ન થાય. તેમને જે રુચિ થઈ તેનું મુખ્ય કારણ તેમનામાં પડેલા ગર્ભસંસ્કારની મળેલી બક્ષિશ છે. પછી માતા-પિતા, કુટુંબીજનો, સત્સંગ-પ્રેમીઓનું પ્રોત્સાહન મળે છે જેથી આ માર્ગમાં આપવરચે ભાંગી પડાતું નથી. આટલું હોવા છતાં પણ કોક વખત વ્યક્તિને જો કોઈ કારણસર સહેજ પણ પાછા પડવાનું થાય તો તેમાં જરાય નિરાશ થવું જોઈએ નહીં. કેમકે જે ચાલતો હોય તે પડે પણ જે સૂતેલો જ છે, જે કદીય ચાલવાનો પ્રયત્ન જ નથી કરતો તે કયાંથી પડવાનો છે ? સફેદ વસ્ત્રમાં ડાઘ દેખાય, કાળા વસ્ત્રમાં શું ડાઘ દેખાય ? ના.

ધાર્મિક-આધ્યાત્મિક વ્યક્તિ તરીકે જે લોકદૃષ્ટિએ ચડેલા છે એમની ટીકા-ટિપ્પણી થવાની; તે ચાહે પાખંડી હોય કે સાચા, તો પણ તેવાની ટીકા-ટિપ્પણી, નિંદા-પ્રશંસા થવાની. પરંતુ જે કાળું જ છે, જે આ માર્ગથી વિમુખ જ છે તેની ટીકા-ટિપ્પણી થવાનો પ્રશ્ન જ નથી. એકદમ સફેદ વસ્ત્ર હોય તેના ઉપર એક ડાઘ હોય તો પણ દેખાઈ આવે. એવા ડાઘ જોનારને કદાચ પડે કે ભાઈ, એ આખા સફેદ વસ્ત્રમાં ફક્ત એક ડાઘ જ છે તોય દેખાય છે, પરંતુ અમારું તો આખું વસ્ત્ર જ કાળું છે તેથી તે આખું મેલું હોવા છતાં પણ મેલું નથી દેખાવાનું. તો આમ, શ્રી જનીભાઈની વાત પરથી આટલી વાત નોંધી.

આત્મપરિવારને જરૂર છે શૂરવીર માતા-પિતાની

અમે અમેરિકાથી પાછા આવ્યા ત્યાર પછી થયેલા પહેલા સ્વાધ્યાય-સત્સંગ મિલનના કાર્યક્રમમાં એક વાત થયેલી કે ઓમ્પરિવાર આખા વિશ્વમાં આગળ થવો જોઈએ. બોલો અમારી પાસે અનેક ભેટો લાવે એટલા માટે નહીં, પરંતુ બહુજનહિતાય-બહુજનસુખાય માટે, ઓમ્ભગવાનની સાચી સમજણ વધુ ને વધુ જનસમાજમાં પહોંચે એટલા માટે આગળ થવો જોઈએ. અને તે કાર્ય પણ ભવ્ય મહાશૂરવીર ભિક્ષુઓની અને તેમના કાર્યમાં પ્રોત્સાહન આપે તેવાં મહાશૂરવીર તેમનાં માતા-પિતાની જરૂર પડશે. આપણે સાંભળીએ છીએ કે મોટા મોટા ડૉક્ટરો, એન્જિનિયરો તેમનું બધું છોડી દઈને દીક્ષિત થાય છે તો તેમના આ કાર્યમાં તેમનાં માતા-પિતાનો કેટલો બધો સહકાર હશે ! ઓમ્પરિવારમાં પણ એવાં માતા-પિતાની આવશ્યકતા છે કે જે પોતાનો પુત્ર ઓમ્પરિવારના કાર્યમાં જીવન સોંપે તો ખુશ થાય. જેમ ઓફિસેથી પુત્ર આવી કહે કે મારો પગાર વધ્યો, હું મોટો અધિકારી બન્યો તો માતા-પિતા ખુશ થાય છે અને કંસાર બનાવે છે, એમ પોતાનો પુત્ર ઘરે આવીને કહે કે આજે તો હું ભિક્ષુ બન્યો ત્યારે તેનાં માતા-પિતા ખુશ થઈને કંસાર બનાવે તેવાં માતા-પિતાને હું શોધી રહ્યો છું. આ બોલતાં અમારાં ફેંફાડાં ઊભાં થઈ રહ્યાં છે. અને અહીં ઉપસ્થિત થયેલામાંથી કેટલાયનાં ફેંફાડાં ઊભાં થઈ રહ્યાં હશે. આ વાત જ એવી છે. અને અહીં એવા શૂરવીરો નહીં હોય ? માત્ર ભોગવિલાસમાં જીવન ખતમ કરવાવાળા જ હશે ? ના, અહીં પણ શૂરવીર હશે જ.

અમે ગઈ ગુરુપૂર્ણિમાએ બોલેલા કે અમારી પાસે ચાવી છે પણ ચાવી લેનારા ક્યાં છે ?! આ સાંભળી

એક ભાઈ અમારી પાસે આવીને કહે કે બાપુ, તે દિવસે આપ આવું બોલેલા તો હું આપની પાસે ચાવી લેવા આવ્યો છું. પછી એ ભાઈ સાથે ઘણી બધી વાતો થયેલી પરંતુ અહીં વિષયાંતર ન થાય તેથી આપણે મૂળ વાત પર આવીએ. પોતાના પુત્ર કે પુત્રીને, પોતાને ગમતો હોય તેવો જ ઉપદેશ ગુરુ-સંતો પાસેથી મળે તેમ જે કોઈ માતા-પિતા ઈચ્છતાં હોય તો તેથી કોનું કલ્યાણ થવાનું ? કોઈનું નહીં. પોતાના સત્સંગમાં આવનાર વ્યક્તિ અને તેનાં માતા-પિતા રાજી રહે તેવું બોલવાની કાળજી શું ગુરુસંતોએ રાખવાની ? તેઓ રાજી થતાં હોય, તેમને ગમતું હોય તેવું જ જો સંતો બોલે તો કલ્યાણ કોનું થશે ? નહીં થાય આવનારનું કે નહીં થાય તેના માતા-પિતાનું. પરંતુ જો આવનારની અને તેનાં માતા-પિતાની એવી તૈયારી હશે કે ગુરુ-સંત જે કાંઈ બોલશે જે કાંઈ ઉપદેશ આપશે તે ગમશે; એવો ત્યાગ, બલિદાનની ભાવના હશે તો સૌ આવનારનું કલ્યાણ અને ગુરુસંતોનું બોલવાનું સાર્થક થશે.

અહંકારમુક્ત થઈને કરેલા નમસ્કાર જ સાચા નમસ્કાર

અત્યારે તો ગુરુસંતોના ચરણોમાં આપણે સાચા નમસ્કાર પણ નથી કરતા. આજના જમાનામાં મસ્તક નમાવવું ખૂબ સહેલું થઈ ગયું છે અને ભારતમાં તે ખાસ સહેલું થઈ ગયું છે. આજે લોકો મસ્તક નમાવી એમ બતાવવા માંગતા હોય છે કે હું કેવા નિરાભિમાની છું ! પરંતુ હકીકતમાં તેનાથી ઊલટું હોય છે. મસ્તક નમાવવાની ક્રિયા અભિમાનને તોડવા માટેની છે. પરંતુ હાલમાં એવું બને છે કે મસ્તક નમે છે પણ અંદર રહેલો અહંકાર ફૂંફાડો મારીને ઊભો થાય છે. આમ, **જે ક્રિયા અહંકારમાંથી મુક્તિ મેળવવા માટે છે તે જ ક્રિયા વડે અહંકાર પોષાય છે.** પણ જો ખરેખર જ જે વખતે ગુરુ-સંતોના ચરણમાં મસ્તક નમે તે વખતે અહંકાર પણ નમેલો હોય તો પછી "ગુરુમહિમા"ની પંક્તિ "લાગ્યા સદ્‌ગોરાંકા પંજા, થયો પ્રકાશ અને ભયા અચંભા" સાર્થક થાય છે. **ગુરુ-સંતોના ચરણમાં મસ્તક નમાવી 'પંજો' લેવા સૌ આવે છે, પરંતુ શરીર-મન ઉપર એવું અભ્યંતર ચડાવીને આવે છે કે સદ્‌ગોરાંના પંજાની અસર જ ન થાય.** એટલે કે ગુરુ-સંતોના ચરણમાં મસ્તક નમાવે પણ અહંકારને બહેકાવે તો પછી સદ્‌ગોરાંનો પંજો સાચા અર્થમાં લાગે જ નહીં. પણ નમન કરતી વખતે પોતાની અંદર રહેલ અહંકાર પણ જો નમેલો હોય અને તે વખતે સદ્‌ગોરાંનો પંજો લાગે તો ફૂંવાડે ફૂંવાડે દિવ્ય વિદ્યુતધારા રેલાય ! તે જ ક્ષણે સાક્ષાત્કાર, શક્તિપાત, મંત્રદીક્ષા લેવાઈ જાય. એ ભાવનાથી મસ્તક નમાવે કે મેં આપશ્રીને નમસ્કાર કર્યા એટલે હું તો હવે સદાય નમેલો જ છું; આ ભાવથી જ હરદમ તૈયાર છું; હવે આ પાત્ર અહંકારથી ભરેલું નથી, મનમાં લેશમાત્ર અહંકાર નથી; આપશ્રીને જ્યારે પણ જોગ્ય લાગે, પ્રેરણા થાય, અંતઃસ્ફુરણા થાય ત્યારે પંજો મારજો. આમ જ્યારે બને, શિષ્ય અહંકારમુક્ત થઈ ગુરુ-સંતને નમન કરે અને તે જ સમયે ગુરુ-સંતને અંતઃસ્ફુરણા થાય અને શિષ્યને 'પંજો' મારે ત્યારે કરેલા નમસ્કાર સાર્થક થાય.

તો આજે એકમાંથી બીજી-ત્રીજી એમ ઘણી વાતો થઈ છે. આ વાતો વલોવવા જેવી છે. આપણે જીવનમાં શું કરી શકીએ તેના ઉપર ધ્યાન આપવાનું છે. પહેલાં શું કર્યું તે વિચારવાનું છે. જે ગુરુ-સંતોને સતત એવો ડર રહેતો હોય કે તેમના ભિક્ષુઓ-શિષ્યો ભાગી જશે તો ? કદાચ ભિક્ષુ નામ પાછું આપી જશે તો ? તો તેવા ગુરુ-સંતો શું કરી શકે ? અહીં ભિક્ષુ એટલે અધિકારી, જિજ્ઞાસુ એમ સમજવાનું છે. ભિક્ષુ એટલે કોઈ ચોક્કસ સમજવાનું નથી. આપણે હર વખતે ભિક્ષુની વાત કરીએ છીએ અને આજે, ભિક્ષુ બનવામાં તેમનાં માતા-પિતાનો કેટલો ફાળો છે તે વાત કરી. આજે જે વાતો થઈ એથી કોઈ માતા-પિતાએ એમ નથી સમજવાનું કે બાપુ અમારો પુત્ર લઈ લેશે. **જો પુત્ર કે પુત્રીમાં એવું બીજબળ હશે તો આપણે કે આપણનો**

મોટો પીર આવશે તોય તેમને આ માર્ગે જતા નહીં રોકી શકે. અને જો તેમનામાં એવું બળ જ નહીં હોય તો ગમે તેટલું કરવા છતાંય પણ તે પ્રપંચમાંથી બહાર નહીં જાય. મુખ્યપણે બીજબળ કામ કરે છે. માતા-પિતાને જે એવી ઇચ્છા થાય છે કે અમારો પુત્ર મોટો અમલદાર બને પણ ભિક્ષુ-સંન્યાસી ન બને તેની પાછળ એ કારણ રહેલું છે કે આવાં માતા-પિતાને પોતાનો પુત્ર મોટો અમલદાર બને તો તેમાંથી મળનાર તુચ્છ પણ મનને રુચિકર એવા સુખની ખબર છે. પરંતુ પોતાનો પુત્ર સાચો ભિક્ષુ-સંન્યાસી બને તો તેમાંથી પ્રાપ્ત થતા શાશ્વત સુખની ખબર નથી. આવાં માતા-પિતામાં એટલું જ્ઞાન, એટલી સમજાનતા છે.

ધર્મ, ધાર્મિક શૂરવીરો ઉપર ટકેલો છે

નીચેની લીટીમાં કેવી ખુમારી વ્યક્ત થાય છે : "ભલા હુઆ જો મારિયા બહેની અમારા કન્તુ... લજ્જા જંતુ."

ગામ ઉપર ચઢાઈ થઈ છે તેથી પતિ દુશ્મનો સામે લડવા ગયો છે. દુશ્મનો સામે લડતાં લડતાં પતિ વીરગતિ પામે છે. આ સમાચાર ગામમાં આવે છે. લોકોએ તેની પત્નીને તે સમાચાર કહ્યા પણ મનમાં લોકોને ડર છે કે આ સમાચાર સાંભળી પેલા ભાઈની પત્ની હમણાં ઢગલો થઈને પડી જશે. પણ આ સમાચાર સાંભળી તે શૂરવીરની પત્નીએ શું કહ્યું ? –

"ભલા હુઆ જો મારિયા બહેની અમારા કન્તુ... લજ્જા જંતુ."

અર્થ : ભલે મારો કંથ મરાયો તેથી મને દુઃખ નથી, દુશ્મનો સામે લડતા વીરગતિને પામ્યા તેથી લાંછન નથી, પરંતુ જો દુશ્મનો સામે લડતાં લડતાં ડરીને પાછો ભાગી આવ્યો હોત તો હું લજ્જાની મારી મરી જાત.

આ ઉદાહરણ પરથી એ કહેવાનું છે કે ધર્મ, ધાર્મિક શૂરવીરો ઉપર ટકેલો છે.

સહજાનંદ મહારાજની એક વાત છે. સહજાનંદ મહારાજને ઘણા શિષ્યો હતા. તેમાંથી મહારાજ એક શિષ્યનાં ખૂબ જ વખાણ કરે. આથી બીજા શિષ્યોને થાય કે ગુરુદેવ પેલા એકનાં જ કેમ વખાણ કર્યા કરે છે ? તેનાથી તો અમે વધુ જ્ઞાન પચાવ્યું છે તો પણ આમ કેમ ? સહજાનંદ સ્વામી આ વાત જાણે અને મનમાં વિચારે કે ખરો મોકો આવે આ બધાને ખબર પડશે. એવો મોકો એક દિવસ આવ્યો. આ શિષ્યનાં લગ્ન થવાનાં હતાં. તેની જાન જોડી બહારગામ જવાનું હતું. જાન નીકળી. ગાડાં ગામને પાદર પહોંચ્યાં. શિષ્ય વરરાજાનો શિણગાર સજીને ગાડામાં બેઠા છે. ત્યાં તો સામેથી સહજાનંદ સ્વામીનો ઘોડેસવાર ઘોડે આવ્યો. જાન પાસે આવીને પૂછ્યું : 'આ કોની જાન જાય છે ?' જાનૈયાએ કહ્યું કે ફુલાણાભાઈની. તરત જ ઘોડેસવાર વરરાજા પાસે જઈને કહે કે મહારાજશ્રીની તમારા ઉપરની આ ચિઠ્ઠી લઈને આવ્યો છું. આમ કહી ચિઠ્ઠી મુરતિયાને આપી. મુરતિયો ચિઠ્ઠી વાંચે છે. તેમાં સહજાનંદ સ્વામીએ લખ્યું હતું કે તું જ્યાં અને જે સ્થિતિમાં હોય ત્યાંથી ચિઠ્ઠી મળતાં તરત જ મારી પાસે આવ. ચિઠ્ઠી વાંચતાં જ મુરતિયો ધડાક દઈને ઊભો થઈ ગયો. કહે કે મને મહારાજે– સહજાનંદ સ્વામીએ–ગુરુદેવે અર્જન્ટથી બોલાવ્યો છે. આમ કહીને કૂદકો મારીને ઘોડેસવારના ઘોડા ઉપર બેસી ગયો અને ઘોડો મહારાજ પાસે મારી મૂક્યો. લગ્ન, જાન બધું જ પડી રહ્યું અને તે તેના ગુરુદેવના આદેશ પ્રમાણે તેમની પાસે જવા ઊપડ્યો. તે મહારાજ પાસે પહોંચ્યો ત્યારે ત્યાં બીજા શિષ્યો બેઠા હતા. તેમણે મુરતિયાનો સ્વાંગ જોયો. મહારાજ બેઠેલા શિષ્યોને કહ્યું કે પૂછો, કેવી પરિસ્થિતિમાં તે સંદેશો મળતાં આવ્યો છે. ઘોડેસવારે માંડીને વાત કરી. બધા શિષ્યોને સમજાઈ ગયું કે મહારાજ તે શિષ્યની કેમ પ્રશંસા કરતા હતા.

તો આ વાત ઉપરથી એ સમજવાનું છે કે

સંતોનાં ગુણગાન, મહત્તા, લોકચાહના તેમના આવા શૂરવીર ભક્તો-શિષ્યોના આધારે છે અને તેથી પણ વિશેષ તો તેમનાં તે શૂરવીર માતા-પિતાને આધારે છે, કે જે શૂરવીર માતા-પિતાએ પોતાનાં સંતાનોને લોકકલ્યાણના કાર્યમાં જરૂર પડી ત્યારે ઊલટથી, ઉત્સાહથી, આનંદથી રવાના કર્યાં.

આપણા આવા પ્રસંગોએ તમે સૌ તમારી શક્તિ-ભક્તિ મુજબ અહીં ઘણું બધું મૂકો છો. પરંતુ હજી સુધી કોઈએ પોતાનો પુત્ર અમને ભેટ નથી આપ્યો. અર્પણ નથી કર્યો : કે, લો બાપુ, ઓમુના, ધર્મ પ્રચારના કાર્યમાં આનો ઉપયોગ કરજો. અમારી આ વાતની મતલબ એવી નથી કરવાની કે નથી કરી જવાનું કે નથી સંકોચ અનુભવવાનો કે બાપુએ હવે દીકરા માંગવા માંડ્યા છે. અમે પહેલાં જ કહ્યું કે તમે કે અમે શું કરી શકવાના હતા ? અમારાં મા-બાપને અમને પરણાવવાની ઘણીય ઇચ્છા હતી. કેટલીય કન્યાઓ બતાવી હતી. પિતાજી વધુ સમજદાર હતા, પણ માતાજી અમને પરણાવવા માટે રોતાં હતાં. તે છતાં પણ અમને પિગળાવી ન શક્યાં. આ વાત અહંકાર પોષવા માટે નથી કહેતા, પરંતુ સૌને એ સમજાવીએ છીએ કે જો સંતાનમાં બીજબળ હશે તો મા-બાપ કે કોઈ જ તેને રોકી નહીં શકે. તો પછી મા-બાપે આવા દીકરાને કલ્યાણમાર્ગમાં જવા દઈને જશ જ લેવો જોઈએ, અપજશ શા માટે લેવો ?

આજે જે કાંઈ બોલાયું તે અતિ મહત્વનું છે. એક ભાઈએ શ્રી રાધાકૃષ્ણનૂને કહ્યું કે હિંદુસ્તાનમાં છન્નું લાખ ગામડાં છે. જો તેમને કામે લગાડી દઈએ તો કેટલું કામ થાય ? ત્યારે શ્રી રાધાકૃષ્ણને જવાબ આપ્યો કે આટલામાંથી જો એક પણ સાચો નીકળશે તો છન્નું લાખ સાર્થક છે. તો એક સાચાને રહેવા માટે છન્નું લાખ જોઈશે જ. દરિયાના તળમાં હીરો હોય. મરજીવો કેટલીય ડૂબકી મારે અને ઘણાં બધાં છીપલાં બહાર લાવે ત્યારે હીરો મળે. છીપલાં ભેગો હીરો પણ પડેલો હોય છે. આમ આજે જે બોલાયું તેની એકાદને પણ સાચી અસર થશે તે બોલ્યું સાર્થક છે. "તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે..." તો આવો એકાદ, એકલો જનારો નીકળશે તો કેટલાયનું કલ્યાણ કરશે. જેમ સૂર્ય તો ધર્મ પ્રકાશ અને ગરમી આપવાનો છે તેમ સાચા સંતનો ધર્મ કલ્યાણ કરવાનો છે. સામેવાળા પ્રશંસા કરે છે કે નહીં, પૂજા-ભેટ લાવે છે કે નહીં તે કદીયે તેઓ જોતા નથી પણ તેઓ તો સામાનું કલ્યાણ કરવામાં જ સાચો આનંદ માણે છે. આ બધી વાતો સાંભળીને જો એકાદ શૂરવીર સાધક નીકળશે તો પણ ઘણું કાર્ય કરશે.

પરમાત્માને પ્રાર્થના કરીએ કે આજ જેવી વાગ્ધારા વહેડાવી છે એવા જ શૂરવીરો અને એથી પણ વિશેષ તેમનાં શૂરવીર માતા-પિતાઓ આપણને આપે. આ વાગ્ધારા યોગભિમુની નથી. અત્યારે જે બોલાયું તેની અમને પણ ખબર ન હતી કે આજ આવું બોલાશે. પરમાત્માએ એવી અંતઃસ્ફુરણા કરી અને અમારાથી બોલાયું.

મનુષ્યનો સ્વભાવ જ છે કે જ્યાં ચોગ્યતા લાગે ત્યાં માગણી કરે છે. મનુષ્યની આ વિશિષ્ટતા કે કમજોરી જ ગણો તે. તો, પરમાત્માને ફરીફરીને પ્રાર્થીએ કે એવા શૂરવીરો અને શૂરવીર માતા-પિતાઓ આપણને આપે.

* ધ્યાનમાં સફળતા *

ધ્યાનનો રોજ પ્રયત્ન કરવો તેને જ એક સફળતા સમજી લેવી જોઇએ. ધ્યાન કેવું અને કેટલું થાય છે તેની ફિકર બહુ ન કરવી જોઇએ. અંતરંગ સૂક્ષ્મ અતિ-વિધિઓનું સાચું તોલમાપ કાઢવું સરળ નથી. બાકી તો સૌના મનને સૌ સવાશેર છે.

અમેરિકાનાં સંસ્મરણો

– યોગાભિક્ષુ

ઓમ્ ગુરુની ગર્જના ગર્જના, ગાઓ ગાયત્રી સંમેલનમાં, બ્રહ્મણાભૂતના ભુક્કા બોલે, કૂવેશકર્મના થાયે હોમ.

કેટલાં વર્ષોથી તમે અમારી સાથે છો અને કેટલાં વર્ષોથી આ વાત તમે સાંભળો છો ? ઘણા દિવસ સુધી આ આ કર્યું છે અને આપણી શક્તિ-ભક્તિ પ્રમાણે તેનો અમલ પણ કર્યો છે.

અમેરિકામાં પણ અમે સૌને કહેતા કે હવે સૌ જીવનમાં બરાબર 'વાહોમ કરીને પડ્યા ફનોડ છે આજે' એવી રીતે મચી પડવાનું છે અને એમ જો નહીં કરી શકીએ તો ફરર...ફૂ તો થઈ જ જવાના છીએ. આગળનું કલ્યાણભાઈ બોલ્યું નહીં અને અહીં આપણા આશ્રમે જ હતા તેમને બોલાવ્યું નહીં. હું કરું-હું કરું જ ફક્ત કરતા રહ્યા. આપણે એમ માની બેઠા છીએ કે આપણે નહીં હોઈએ તો આપણા કુટુંબનું અને જગતનું શું થશે ? તે કેમ ચાલશે ? આ બધી આપણી ભ્રમણાઓ છે. આ વાત એક દૃષ્ટાંતથી સમજીએ.

રામજીભગતની ધારણા હતી કે પાછલી જિંદગી કોઈ આશ્રમમાં રહીને ભક્તિભાવમાં ગાળું, પણ કુટુંબની ચિંતાના કારણે આમ કરી શકતા નહીં. એક અનુભવી સંતે તેમને સમજાવ્યું કે તમારા વિના બૈરી-છોકરાં કંઈ દુઃખી થવાનાં નથી, આ તો તમારી ભ્રમણા અને અહંકાર માત્ર છે. કદાચિત્ તો એવું પણ બને છે કે આપણી હાજરી ન હોય ત્યારે ઉપરથી ઘરનાં વધુ સુખી થાય છે. તમારે જાતઅનુભવ કરવો હોય તો થોડા દિવસ માસ આશ્રમમાં રહી જાવ. હું તમારા ઘેર સમાચાર મોકલાવી દઈશ કે તમે મુજરી ગયા છો. ભગતે તો તેમ કર્યું. છએક માસ પછી તેમને ઘરનાંની ખબર કાઢવાનું મન થયું અને રાત્ર ઘેર ગયા. કમાડ બંધ હતાં તેથી કમાડ ખખડાવીને બૂમ પાડવા લાગ્યા કે અરે મુકેશ ! મુકેશની બા, અલ્યા કોઈ ઘરમાં છે કે નહીં ? મુકેશ...મુકેશ... એટલામાં તો મુકેશ અને બા વગેરે જાગ્યાં. તેઓ વિચારવા લાગ્યાં કે અવાજ તો તાજા બાપા જેવો જ છે પણ ઉઘાડતા નહીં. મુકેશે બારણાની તિરાડમાંથી નજર નાખીને જોયું અને જોયા પિતાને બહાર ઊભેલા જોયા કે છોકરો ભૂ...ભૂ... ભૂત કરીને નીચે પડ્યો. કારણકે તેને ખબર હતી કે બાપા તો મુજરી ગયા છે. ફરીને આવ્યા તો ભૂત થઈને આવ્યા. બોલી બબડવા લાગ્યાં કે જીવતા હતા ત્યાં સુધી તો સુખ ન લેવા દીધું પણ મૂઆ પછીય કનડવા આવ્યા મારો પીટયો. રામજીએ ભૂખ કમાડ ખખડાવ્યું. અંદરવાળાં કંટાળ્યાં. ભૂતને ભગાડવા માટે શું ઉપાય છે તે તેઓ વિચારવા લાગ્યાં. હનુમાનચાલીસા બોલવાથી અને અગ્નિ બતાવવાથી ભૂત ભાગે એમ સાંભળ્યું છે. છોકરા હનુમાનચાલીસા બોલવા માંડ્યા અને પત્ની બે-ચાર કાકડા સળગાવ્યાં, બારણું ખોલી પતિની પાછળ પડી. પતિદેવ આગળ અને પત્ની પાછળ, રામજીને કયાંય દૂર સુધી મૂકી આવ્યાં. સંત પાસે આવીને રામજીએ કહ્યું "બાપજી ! ઘરમાં તો બધાં મને ભૂત સમજીને મારવા દોડ્યાં !" બાપજી કહે કે ભાઈ, મેં તો તને પહેલેથી જ કહ્યું હતું.

દૃષ્ટાંત એકાંગી હોય, સર્વાંગી ન હોય. કોઈ વાર પતિનું તો કોઈ વાર પત્નીનું દૃષ્ટાંત આપીએ છીએ તો કોઈએ ખોટું ન લગાડવું. કોઈએ બંધ-બેસતી પાઘડી પહેરી ન લેવી. આ દૃષ્ટાંતથી મુખ્ય વાતને સમજવાની છે. સહુએ પોતપોતાની ફરજ તો બજાવવાની છે જ. કહે છે ને કે પલાળ્યું છે તો મૂંડાવવું પડશે જ. અડધું મૂંડાવી ઊઠી જઈએ તો ન ચાલે, એ તો પૂરું જ કરવું પડે. પણ જો સમજણ રાખી હોય તો નવું નવું ઊભું થતું ન જાય અને તો વહેલા કે મોડા સુખશાંતિને પ્રાપ્ત કરી શકીએ. પછી તો રામજી ભગત ગુરુજી પાસે રહીને મહાલવાની થઈ ગયા. તેમને સમાધાન થઈ ગયું કે પત્ની અને બાળકો પણ પોતાનાં નસીબ લઈને આવ્યાં છે. તેઓ

ઘરે આનંદ કરે છે. મારે તો તેમને સુખી કરવાં હતાં ને ? તેઓ ત્યાં સુખી છે અને હું અહીં ગુરુજી પાસે સુખી છું.

આમ સૌ પોતપોતાનાં ભાગ્ય પ્રમાણે સુખદુઃખ ભોગવે છે. "બાડા નીચે કૂતરું ને મારા માથે ભાર" એવું સમજીને આપણે હરાન થતા હોઈએ છીએ. તેવી અજ્ઞાનતામાંથી જલદી મુક્ત થઈ, "હીંચું પણ જે શિરને સાટે" તેના ઉપર સ્થિર થઈ બાકીની આવરદામાં આપણે આપણા માટે કંઈક કરી લેવું જોઈએ. આપણા માટે કોઈ બીજું કરી આપવાનું છે ? પતિ, પત્ની, માતા, પિતા, નોકર, પૈસાટકો તે બધું પોતપોતાની મર્યાદામાં રહીને ઉપયોગી થઈ શકશે. એ સિવાયનું આપણે પોતે કરવાનું છે. આપણાં પોતાનાં સુખશાંતિ માટે જે આપણે પોતે નહીં કરીએ તો કોણ કરશે ? વધુમાં વધુ આપણી નજીક આપણે પોતે છીએ. હાલ છે તેથી ઊંચી, ઉત્તમ યોનિને અને કૈવલ્યને પ્રાપ્ત કરીએ એવાં કર્મો કરવાનાં છે, એટલા માટે ઓમૂપરિવારમાં આવીએ છીએ.

અમેરિકામાં અમે દસ મહિના રહ્યા. દસ મહિનામાં ઘણાના પરિચયમાં અલ્પ સમય માટે આવવાનું થયું છતાં ત્યાં ઘણી જાગૃતિ આવી છે. જોયું અમેરિકાના મુમુક્ષુઓ વતી અમને સન્માનપત્ર આપવામાં આવ્યું. ખૂબ સુંદર અભિપ્રાય આપ્યો છે, સૌએ સહીઓ કરી છે. હાલમાં અમને ત્યાં બોલાવવા માટે ઘણા બધા તૈયાર છે. કહે છે કે હવે જો ગુરુદેવ અમેરિકા આવે તો ટિકિટ હું મોકલીશ અને ગુરુદેવ મારે ત્યાં રહેશે

આ બધી વાતો એટલા માટે કહી રહ્યા છીએ કે ત્યાં પણ આવી કલ્યાણની વાતોને લોકોએ કેટલી બધી અપનાવી લીધી તેની ખબર પડે. કેવળ ભારતીય જ નહીં, એક અમેરિકન ભાઈએ પણ આપણી "મૈત્રી" પુસ્તિકા ઉપર બે પાનાં ભરીને અભિપ્રાય આપ્યો છે અને ફ્રાન્સમાં પણ આપણી સાથે ઘણી બધી વાતો કરેલી. તેઓ અમને 'લોલીમેન' કહેતા. તેઓ કહે કે "આપની 'મૈત્રી' પુસ્તિકાનો એક અનુભવ કહું- હું અરધમાનો દરદી છું. 'મૈત્રી'ને ચાર-પાંચ વાર વાંચીને કાર ચલાવીને હું બહાર નીકળ્યો. તે વખતે મૈત્રીના જ વિચારો ચાલતા હતા. એક બહેનને મારી ગાડીમાં બેસાડ્યાં, જેઓ ડૉક્ટર હતાં. મારા ચાલ ઉપરથી તેઓ સમજી ગયાં કે હું અસ્થમાનો દરદી છું. તેઓ મને કહે કે ચાલો તમને દવાખાને લઈ જઉં. દવાખાનામાં કેટલી ફી થાય તે હું જાણતો હતો."

ત્યાં દવાખાનું ખૂબ ખર્ચાળ, બીમારીથી લોકો ખૂબ ભીંસે. હોસ્પિટલમાં હું રોજ ફરવા જઉં. ત્યાં વપરાયેલ સરસામાનની દુકાનને 'ગ્રોસરી શૉપ' કહે. અહીં આપણે લિફ્ટ કહીએ ત્યાં તેને એલિવેટર કહે. સંડાસ, બાથરૂમને ત્યાં રેસ્ટરૂમ કહે. રેસ્ટરૂમમાં છે એમ કહે એટલે હું સમજું કે થાક્યા હશે એટલે આરામખંડમાં હશે, પરંતુ હોય સંડાસમાં. વધુ વિચારતાં એમ લાગે કે ખરેખર તો એ પણ રેસ્ટરૂમ જ કહેવાય. એક વખત મારે વસુબહેન સાથે ગ્રોસરી શૉપમાં જવાનું થયું. ત્યાં તેમનાં એક બહેનપણી મળી ગયાં. તે. તેમને મારા વિષે કહેવા લાગ્યાં કે આ તમારી જોડે કાકા છે તેમને કહો કે પેન્ટ પહેરે. અહીં સંકોચ રાખશો તે નહીં ચાલે. અહીંનું દવાખાનું કેટલું મોંઘું છે તે તો તમે જાણો છો. એટલે અમારે કહેવું પડ્યું કે બહેન, તમે ચિંતા કરશો નહીં. મેં પેન્ટ લઈ રાખ્યાં છે, હવે પહેરવાની જ વાર છે. મને ઠંડી લાગે તો તમે ના પાડો તો પણ હું પેન્ટ પહેરી લઉં. હું શરમાળ નથી. પેન્ટ પહેરવામાં મને શું વાંધો હોય ? ધોતિયું પણ કાપડ છે અને પેન્ટ પણ કાપડ છે. ચર્મરોગ (લોઝિયરી ડીસીસ) ઉપર ધોતિયું પહેરીએ તે બધું બરાબર છે. ત્યાં હૉસ્પિટલથી એટલા ડરે કે જો હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું તો બાર મહિનાની કમાણી સાફ. આપણે રસ્તો કૉસ કરતા હોઈએ અને બરોબર તે જ વખતે જો ત્યાંથી કાર પસાર થવા નીકળે તો તે તુરત ધોબી જાય અને આપણને પહેલા પસાર થવા ઇશારો કરે. પગે ચાલનારા કરતાં કરવાળા અકસ્માતથી ખૂબ ગભરાય. અકસ્માત કરનારે એટલો દંડ ભરવો પડે કે તે આખી જિંદગી ઊંચો જ ન આવે. ત્યાંના કાયદા અતિ કડક અને દવાખાનાં ખૂબ

મોંઘાં. હવે તે અમેરિકન નાગરિકની વાત આગળ ચલાવીએ.

"એટલે મેં કહ્યું કે મારે દવાખાને નથી આવવું. મેં ડૉક્ટરને તબિયત બતાવી છે." તે કહે કે ખર્ચની ચિંતા કરો છો ને ? ગભરાશો નહીં, મારા પતિ ડૉક્ટર છે અને એ જ તમારી દવા કરશે. હું જાતે આવીને ભલામણ કરું છું માટે ચાલો. મારું મન માન્યું એટલે હું તેમની જોડે ગયો. તેમણે તેમના પતિને ભલામણ કરી. મને ઈન્જેક્શન આપ્યાં, દવા પણ આપી અને એક પણ પૈસા લીધા નહીં. ઘરે આવ્યા પછી મને વિચાર આવ્યો કે 'મૈત્રી' પુસ્તિકા વાંચીને ગયો હતો તેનું જ આ સદ્‌પરિણામ છે. મૈત્રીના ચિંતનમનનના કારણે જ તે બહેન મારી ગાડીમાં બેસવા આવ્યાં અને તેમની ભાવના બદલાઈ ગઈ. **'મૈત્રી' પુસ્તિકાનું મારા મનમાં ચિંતન-મનન ચાલતું હતું તેની અસર તેમના ઉપર થઈ. તેમનામાં મૈત્રીની ભાવના આવી.**

મૈત્રીની આવી જોરદાર અસર છે. જોગાનુજોગ કોઈ જગ્યાએ યુદ્ધ ચાલતું હતું; ત્યાં તે જ દિવસે સાંજે યુદ્ધવિરામ થયો. આવા બે-ચાર બનાવો બને તો આપણને એમ થાય કે કાગનું બેસવું અને ડાળનું પડવું થયું. પણ આવા બનાવો તો ઉપરા-ઉપરી બન્યે જતા હતા ! જેને આપણે ચમત્કારો કહીએ તેવા બનાવો ત્યાં પુષ્કળ બન્યા. ઘણાં બધાની ઘણી બધી ઈચ્છાઓ ઓમૂભગવાને ત્યાં પૂરી કરી કે જેની કદી આપણે સ્વપ્ને પણ કલ્પના કરી ન હોય. સૌની ઈચ્છા પૂરી થાય તો સૌ અમારા પ્રેમી બને. અને અમારા પ્રેમી બને તો અમારી પાસે આવતા રહે, અને અમારી પાસે આવતા રહે તો ઓમૂપરિવારનું કાર્ય સારી રીતે થઈ શકે. ઓમૂભગવાને કૃપા કરીને ઘણાની ઈચ્છાઓ પૂરી કરી તેનું કારણ અમે તો આ માનીએ છીએ.

એક બહેનને અમેરિકા આવવાનો વીસા જ ન મળે. ખૂબ પ્રયત્ન કરીને, નિરાશ થઈને આશા મૂકી દીધેલી. પતિ અમેરિકામાં અને પત્ની-બાળકો ભારતમાં. તેમના પતિ ખૂબ સંતપ્રેમી. સભા વચ્ચે ગુરુચરણામૃત પીતાં કે પોતાનાં ખોટાં કૃત્યોનો એકરાર-પસ્તાવો કરતાં તેમને બિલકુલ સંકોચ નહીં. આવા ધર્મશૂરવીરો શું ન કરી શકે ? અમે તેમને ત્યાં આઠ દિવસ રહેલા. અમે લોસએંજલિસ ગયા પછી પંદરેક દિવસ પછી તેમનો ફોન આવ્યો કે ગુરુજી ! કાલે સવારે આપ ઘરે જ છો ને ? મેં પૂછ્યું કેમ ? તો કહે કે મારી પત્નીને વીસા મળી ગયો છે. તે આજે સાંજે ન્યુયોર્ક ઊતરશે. કાલે સવારે અમે દર્શન કરવા આવીશું. અમારા મનમાં થયું કે ભાઈ, તમે જ દર્શનીય છો !

ત્યાં આવું બધું બનતું રહ્યું. કહેવાની મતલબ એ છે કે ત્યાં ઓમૂભગવાને આપણા ઉપર ખૂબ કૃપા કરી જેથી ઓમૂપરિવારનાં કાર્યો સારી રીતે થઈ શકે.

ત્યાં રહેવા માટે કેટલી મહેનત અને કેવો પુરુષાર્થ કરવો પડતો હશે ? ત્યાંની ભયંકર, કાળજું કંપાવે એવી ઠંડી, ચાર સ્વેટર ઉપર ઓવરકોટ, હાથમાં મોજાં તોય હાથ ઓવરકોટના ખીસામાં રાખવા પડે. આવી રીતે તૈયાર થઈને ફરવા જઈએ તોય આંખમાંથી આંસુ દડદડ ચાલ્યાં જાય. સૌ એમ જ ઈચ્છતા હતા કે ગરમી પૂરી થાય એટલે આપ ભારત ચાલ્યા જાય તો સારું. ઠંડીમાં બહુ ત્રાસી જતો. તોય અમે ત્યાં રહ્યા. આટલું બધું સહન કરીને ત્યાં શા માટે રહ્યા ? લીધું પણ જે શિરને સાટે તે પાર પાડવા માટે. **અમે જે કાંઈ બહુજનહિતાય-સુખાયનું કાર્ય કરતા હતા તે કોઈ બીજા માટે કરી રહ્યા છીએ એમ નહોતા માનતા. તે અમે અમારા માટે-અમારા કલ્યાણ માટે કરી રહ્યા છીએ એમ માનતા હતા. લોકોનું કલ્યાણ થાય તેવા પ્રકારનું તેમને સંભળાવવાની ગરજ અમને છે એમ માનીને ત્યાં રહ્યા તો રહેવાયું.** જેને પણ પોતાનું કલ્યાણ કરવું હોય તેણે એવી ભાવના રાખવી જોઈએ કે પોતાના કલ્યાણની પોતાને ખૂબ ગરજ છે અને તેના માટે પોતે બધું જ સહન કરવા તૈયાર છે. એક મહિના સુધી મિલની નોકરી

કરીએ છીએ ત્યારે તેના બદલામાં અમુક મામૂલી રૂપિયા મળે છે. તેના માટે કેટલું સહન કરીએ છીએ ? તો, જે, અક્ષય સુખ-શાંતિને દેનારું છે તેના માટે કેટલું બધું કરવું પડે ?

પડ્યા રહે દરબારમેં, ધણીકા ધક્કા ખાય;
એક દિન ધણી નવાજુ હૈ, જો દર છાંડી ન જાય.

ધણીના દરબારમાં પડ્યા જ રહેવું પડે, તેમના કલ્યાણનાં જે જે કાર્યો હોય તેમાં મચી જ પડવું પડે; તો એક દિવસ એવો આવે કે તેઓ આપણને નવાજી દે–આપણને ન્યાલ કરી દે; પણ ત્યારે કે જો દર છાંડીને ન ગયા હોઈએ તો, તેમનું ઘર મૂકીને ભાગી ન ગયા હોઈએ તો. નહીં તો જે વખતે ન્યાલ કરવાનો સમય આવે ત્યારે આપણે હાજર જ ન હોઈએ !

આ તો એક સ્થૂળ દૃષ્ટાંત છે. આપણને કોઈક દિવસ ન્યાલ કરી જ દેશે એવી ઇચ્છા રાખીને બેસીએ તો થાકી જઈએ. એવી ઇચ્છા તો જાગે જ નહીં–એવી કોઈ ઇચ્છા જ ન હોય. સમર્પણભાવ એ જ મોટામાં મોટી અને ઊંચામાં ઊંચી પ્રાપ્તિ. પૈસોટકો મળે કે ભૌતિક સંપત્તિ મળે એ તો ગૌણ પ્રાપ્તિ છે. મોટામાં મોટી પ્રાપ્તિ તો સમર્પણ-ભાવમાં સદા અખંડ મસ્ત રહેવું તે છે. સમર્પણભાવ સદા અખંડ ક્યારે રહી શકે ? સાચી સમજણ, તાત્ત્વિક જ્ઞાન અને નિષ્ઠાની ભૂમિકા બંધાયેલી હોય ત્યારે સમર્પણભાવ સતત રહી શકે. એનું નામ જ 'લીધું પણ જે શિરને સાટે.'

અમેરિકાની વાતો તો ખૂટે એમ જ નથી. ત્યાંના મનુષ્યો કેટલા પુરુષાર્થી છે ! અને જ્યાં આટલો પ્રચંડ પુરુષાર્થ હોય ત્યાં આટલી અનર્ગળ સમૃદ્ધિ હોય તેમાં શી નવાઈ છે !

પુસ્તક વિમોચન

તા. ૮–૧૧–૮૫ના રોજ, ૐ ગુરુદેવ જયંતીના કાર્યક્રમમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની ઉપસ્થિતિમાં, ૐ પ્રે. પ. ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તિકા "નિર્ઝર ઝર્યું કો ગૅબથી" નું વિમોચન માનનીય શ્રી નાનુભાઇ શાસ્ત્રીના હસ્તે થયું. આ પુસ્તિકામાં વિશ્વ–અશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત કરવામાં આવી છે. પુસ્તક આલેખાયું છે, પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી દ્વારા.

PRINTED BOOK

From :-
ૐમગુરુ પ્રેમસમર્પણ ધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ,
૧૩૧, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્ક પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.

To, સર્કિટ હાઉસ

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
ૐમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
૧૩૧, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્કની પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.
(રજિ. નં. ઈ/૪૪૧૬ તા. ૧૧-૫-૮૧)
આઈ. ટી. ઈ યુ/એસ/૩૩-૩૬૨/૮-૩૮૪ ૮૦-૭૭ (૫),
વાઈડ નં. એચ. કયુ iii ૧-૪-૮૩ થી ૩૧-૩-૮૬

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા } પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

ટ્રસ્ટી મંડળ :

ચેરમેન : ડૉ. સોમાભાઈ એ. પટેલ
જનરલ સેક્રેટરી : વજુભાઈ પટેલ
ખજાનચી : દેવચંદભાઈ વી. પટેલ
ટ્રસ્ટી : રાજીતભાઇ બી. સુખડીયા
દામોદરભાઈ એ. પટેલ
ભારતનભાઇ મર્થક
નૌષધભાઈ વ્યાસ

ટ્રસ્ટના ઉદ્દેશો :
(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચૈતનતત્ત્વ કે જેનું નામ પ્રણવ (ૐમ્-ૐ) છે તેની પ્રતીતિ બહુજન સમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર માટે પ્રયત્ન કરવો. (૪) આ ઉદ્દેશ્ય 'બહુજનહિતાય-બહુજનસુખાય' ને લગતા કાર્યો જેવા કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

વાચકમિત્રોને :
'પરિવાર પાત્રિકા'ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી નૌષધભાઈ વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

મુદ્રક : ઉમા પ્રીન્ટર્સ
દરિયાપુર ચારરસ્તા, ટાવર પાસે, અમદાવાદ.
ટાઇટલ : મોના આર્ટ પ્રિન્ટર્સ, ઓઢવ, અમદાવાદ.
ફોન : ૮૮૭૨૨૩
મુખપૃષ્ઠ : શ્રી કિશોરભાઈ મકવાણા